# વિધવાની બે કોડી અને નાઈનની વિધવા

## ફાધર વર્ગીસ પોલ

નવા કરારમાં બે વિધવાઓનાં પાત્રો આવે છે. એમાં એક પાત્ર મંદિરના ભંડારમાં બે કોડી નાખનાર ગરીબ વિધવા છે. બીજું પાત્ર નાઈન ગામની વિધવા છે. ભંડારમાં બે કોડી નાખનાર ગરીબ વિધવાની વાત માર્ક તથા લૂકના શુભસંદેશોમાં આવે છે. પણ નાઈનની વિધવાની વાત ફક્ત લૂકના શુભસંદેશમાં છે.

બંને વિધવાઓનાં નામ તથા તેમના કૌટુંબિક અને સામાજિક બાબતો િધશે આપણે કશુંય જાણતા નથી. પણ ઇસુએ એમને બંનેને જોઈ છે અને એમની પરિસ્થિતિની નોંધ લેવાને કારણે બંને વિધવાઓ બાઈબલના અમરપત્રો બની ગઈ. બંનેની વાત આપણાં હૃદયને સ્પર્શી જાય છે.

વિધવાની કોડીની વાત માર્કે (૧૨, ૪૧-૪૪) અને લૂકે (૨૧, ૧-૪) ચાર ચાર કરીઓમાં કરી છે. અહીં માર્કે કરેલી વાત ટાંકું છું:

### વિધવાની બે કોડી

ઈસુ મંદિરના ભંડાર સામે બેઠા બેઠા, લોતો તેમાં પૈસા નાખતા હતા તે જોતા હતા. ઘણા પૈસાદાર લોકો મોટી મટી રકમ નાખતા હતા. એવામાં એક ગરીબ વિધવાએ આવીને તેમાં બે કોડી નાખી. ઈસુએ શિષ્યોને પાસે બોલાવીને કહ્યું, હું તમને ખાતરીથી કહું છું કે, ભંડારમાં પૈસા નાખનાર બીજા બધા કરતાં આ ગરીબ વિધવાએ વધારે નાખ્યું છે; કારણ, એ બીજા લોકોએ જે કંઈ હતું તેમાંથી નાખ્યું છે, પણ આ બાઈ પાસે તો પોતા માટે પણ પૂરતું નહોતું, છતાં એણે પોતાની પાસે જે કંઈ હતું કે બધું જ, પોતાની જીવાદોરી જ આપી દીધી(માર્ક ૧૨, ૪૧-૪૪).

યહૂદી લોકોના તહેવાર બેખમીર રોટીના પર્વના અઠવાડિયામાં સમગ્ર યહૂદીયામાંથી લોકો યરુશાલેમ ખાતે મંદિરમાં ઉપાસના વિધિઓમાં ભાગ લેવા માટે આવતા અને મંદિર માટે દાન આપતા. લોકોને દાન આપવા માટે મંદિરની દિવાલ જોડે દાન-પેટી કે ભંડાર હતા. બેખમીર રોટીના પર્વ પ્રસંગે બીજા બધા યહૂદીઓની જેમ ઈસુ અને તેમના શિષ્યો પણ મંદિરમાં આવ્યા હતા. ત્યાં ઈસુ જુએ છે કે એક ગરીબ દેખાતી સ્ત્રી પીતળના બે નાણાં દાનપેટીમાં નાખે છે. ઈસુ કદાચ એ સ્ત્રીને ગરીબ અને વિધવા તરીકે ઓળખતા હશે. ખૂબ ગરીબ દેખાતી એ સ્ત્રી જોડે બીજા કોઈ ન હો.ય. એટલે ઈસુનું ધ્યાન એના તરફ અને મંદિરમાં કરેલા એના દાન તરફ ગયું હશે. ખૂબ ઉદારતા અને ઈશ્વર પરની ઊંડી શ્રદ્ધાથી દાન કરનાર વિધવાની ઈસુ કદર કરે છે. એટલું જ નહિ, પણ પોતાના શિષ્યોને પણ એની ઉદારતા અને ત્યાગભાવનાની વાત કરે છે.

ઈસુ અને તેમના શિષ્યોએ ઘણા બધા લોકોને મંદિના ભંડારમાં દાન નાખતા જોયા છે. એમાં ઘણા પૈસાદાર લોકોએ મોટી રકમ ભંડારમાં નાખી છે. લોકોની દષ્ટિએ ધનિક લોકોએ કરેલી મોટી મોટી રકમના દાન આગળ વિધવાની બે કોડીની કંઈ વિસાત નથી. પણ કેવળ દેખાવથી નહિ પણ દિલથી માણસને પારખનાર ઈસુ જાણે છે કે મંદિરના ભંડારમાં બે કોડી નાખવામાં વિધવાએ પોતાનું સર્વસ્વ ઈશ્વરની આગળ ધરી દીધું છે. એટલે ઈસુ પોતાના શિષ્યોને કહે છે કે, બીજા લોકોએ તો પોતા પાલે જે વધારાનું હતું તેમાંથી નાખ્યું છે, પણ આ બાઈએ... પોતાની જીવાદોરી જ આપી દીધી છે(માર્ક ૧૨, ૪૪).

આજે વિધવાની બે કોડીની વાત બાઈબલમાં એ પાઠ વાચનાર ખ્રિસ્તીઓ જ નહિ પણ બધી આષાઓના ઈતરધર્મોના ઘણા લોકો પણ જાણે છે. કારણ, વિધવાની બે કોડીની વાત પ્રતીક બની છે. ઉદારતા અને ત્યાગભાવનાથી આપેલી નાની રકમ માટે આપણે વિધવાની બે કોડી કહીએ છીએ અને એવા દાનની ખૂબ કદર કરીએ છીએ.

**નાઈનની વિધવા**

નાઈનની વિધવાની વાત આપણને ફક્ત લૂકકૃત શુભસંદેશમાં મળે છે. આપણે અહીં નાઈનની વિધવા પ્રત્યે ઈસુની વિશેષ અનુકંપા અને હમદર્દી જોઈ શકીએ. ઈસુના સમયમાં આપણા સમયની જેમ નિરાધાર વિધવાઓની સ્થિતિ ખૂબ ખરાબ હતી. આ સંદર્ભમાં માથ્થીકૃત શુભસંદેશમાં આવતી એક વાત આપણને ખાસ સ્પર્શી જાય છે. એમાં ઈસુ વિધવાઓની મિલકત હોઈયાં કરવા બદલ શાસ્ત્રીઓ અને ફરોશીઓની આખરી ટીકા કરે છે. ઓ શાસ્ત્રીઓ અને ફ્રોશીઓ, ઓ દંભીઓ, તમારી કેવી દુર્દશા થશે! તમે વિધવાઓની મિલકત હોઈયાં કરી નાખો છો(માથ્થી ૨૩, ૧૪). બાઈબલની સૌથી મહત્વની હસ્તપ્રતોમાં આ ૧૪મીકડી મળતી નથી. એટલે સંપૂર્ણ બાઈબલમાં આ કડી આપણે પદટિપ્પણીમાં મળે છે.

ઈસુ પોતાના શિષ્યો સાથે યહૂદીઓના સભાગૃહોમાં ઉપદેશ આપતા અના આખા ગાલીલ પ્રાંતમાં ફરવા લાગ્યા (જુઓ માથ્થી ૪, ૨૩-૨૫) ઈસુની આ મુસાફરીમાં તેઓ અને તેમની સાથેનું ટોળું નાઈન નામના ગામે પહોંચ્યા ત્યારે તેમને સામે ગામમાંથી શબપેટીમાં એક વિધવાના મરી ગયેલા દીકરાને લઈને લોકો આવતા હતા. આ આખી વાત લૂકે પોતાના શુભસંદેશમાં નોંધી છે.

તેઓ (ઈસુ, શિષ્યો અને પુષ્કળ લોકો) નાઈન ગામના દરવજા નજીક પહોંચ્યા ત્યાં કોઈ વિધવાનો એકનો એક દીકરો મરી ગયો હતો તેને લઈને આવતા લોકો તેમને સામા મળ્યા. ગામના પુષ્કળ લોકો તે બાઈની સાથે હતા. તેને જોઈને પ્રભુને દયા આવી અને તેમણે તે બાઈને કહ્યું, રડીશ નહિ. પછી નનામી પાસે જઈને તેમણે તેના ઉપર હાથ મૂક્યો એટલે ઊંચકનારા ઉભા રહ્યા. પછી ઈસુ બોલ્યા, જુવાન માણસ, તને હું કહું છું કે, બેઠોથા. ત્યાં તો તે મરેલો માણસ બેઠો થઈને બોલવા લાગ્યો. અને ઈસુએ તેને તેની માને સોંપી દીધા(લૂક

૭, ૧૨-૧૫).

પોતાના એકના એક દીકરાના મૃત્યુથી રડતા વિધવા બાઈને જોઈને ઈસુને દયા આવી. ઈસુએ એને ખૂબ પ્રેમથી સાંત્વન આપ્યું, એટલું જ નહિ પણ એ મરેલા યુવાનને પોતાના શબ્દ માત્રથી જીવનદાન આપ્યું. જુવાન માણસ, તને હું કહું છું કે બેઠા થાઅને ઈસુએ મૃત્યુમાંથી નવજીવન પામેલા દીકરાને એના વિધવા માને સોંપ્યો. વૈદ્ય અને શુભસંદેશકાર લૂકે આ પ્રસંગની ખૂબ સુંદર વાત કરી છે. પ્રસંગ કમકમાટી ઉપજાવનારો છે અને લૂકની વાત હૃદય પર ઘેરી અસર કરનારી છે. માનવ જીવનના દારુણ પ્રસંગમાં ઈસુની કરુણા અને મરેલાને જીવતા કરવાની ઈસુની શક્તિથી એ પ્રસંગે હાજર રહેલા લોકો સાથે આપણે પણ પ્રભાવિત થઈએ છીએ.

વિધવા મા અને નવજીવન પામેલા દીકરાના કોઈ પ્રતિભાવની આપણને ખબર નથી. પણ તેઓએ બીજા બધાલોકોની જોડે ઈશ્વરની સ્તુતી કરી હશે અને જિંદગીભર ઈસુની તેમના પ્રત્યેની કરુણા અને દયાની ઘોષણા કરતા રહ્યાં હશે.